ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૫/૨૩–૨૪/ 1500 તારીખ : 09 NOV 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરીયા,**
**સ.ન.૧૯૮,**
**મું. સરસીયા,**
**તા.ધારી,**
**જી.અમરેલી.**

કેસ નં.૨૫/૨૩–૨૪

**મો.નં–૯૮૯૮૯ ૫૮૭૩૮**

**વિષય : અમોને નવું ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૦૭/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૨/૦૭/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૫/૨૩–૨૪/૧૧૩૯ તા.૧૭/૦૭/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૫/૨૩–૨૪/૧૧૮૪ તા.૨૮/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૮/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી–૨, **અમરેલી.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૨, ધારી.**

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievances Redressal Forum

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૫/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૮/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરીયા, મું.સરસીયા, તા.ધારી, જી.અમરેલીની નવું ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૫/૨૩–૨૪/૧૧૩૯ તા.૧૭/૦૭/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૦૮/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સવિનય ઉપરોકત બાબતે અરજ છે કે, અમો ધારી–૨ પેટાવિભાગીય કચેરી હેઠળ આવતા સરસીયા ગામના એક પ્રતિષ્ઠિત ગ્રાહક છીએ. અમો ઘરવપરાશ ના ૨ અને ખેતીવાડી ૯ એમ કુલ મળીને ૧૧ જેટલા વીજ જોડાણો ધરાવીએ છીએ. અમો ૧૯૭૨ થી ખેતીવાડી વીજ જોડાણો ધરાવીએ છીએ. અમારા આ બધા વીજ જોડાણો પૈકી કયારેય કોઈપણ વીજ જોડાણનું બીલ ભરવાનું બાકી હોય તેવું કયારેય બન્યુ નહિ હોય. અમો અમારા ગામના એક પ્રતિષ્ઠિત નાગરીક છીએ જે આપ આપના તાબા હેઠળના કોઈપણ અધિકારી કર્મચારી સાથે પરામર્શથી આપ સાહેબ જાણી શકશો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ અમારા ઉપરોક્ત ૧૧ વીજ જોડાણો પૈકી એક ખેતીવાડી વીજ જોડાણ માટે આપ સાહેબને અમો અરજ કરવા માંગીએ છીએ. અમો કાંતીભાઈ જેરામભાઈ કથીરિયા, સરસીયા ગામે, સર્વે નં–૧૯૮ પર ખેતીવાડી હેતુ માટેનું તા ૦૬/૧૨/૧૯૭૯થી શ્રી જેરામભાલ દુદાભાઈ કથીરિયાના નામે વીજ જોડાણ ધરાવીએ છીએ. ત્યારબાદ તે વીજ જોડાણમાં નામ ફેર કરવી અમોએ શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરિયાના નામે કરાવેલ છે. સદર વીજ જોડાણ અમો ૫ હો.પા.નું ધરાવતા હતા અને ત્યારબાદ એમા લોડ વધારો કરી ૧૫ હો.પા.નું કરાવેલ અને અમોએ સાથો–સાથ સ્થળ ફેરફાર પણ કરાવેલ, અમોને વર્ષ–૨૦૧૫ માં ૧૫ હો.પા. પ્રમાણે બીલ મળેલ હતું અને તે પ્રમાણે બીલના નાણાં ભરપાઈ કરેલ. ત્યારબાદ અમોને કોઈ કારણસર ૫ હો.પા.નું બીલ મળવાનું શરૂ થયેલ અને અમોએ તે પ્રમાણે બીલ ભરવાનું શરૂ રાખેલ, તમામ બીલોની નકલ, અમારી પાસે નાણા ભર્યાની રસીદ સાથે અમારી પાસે છે.

૧.3 વર્ષ–૨૦૨૨ના એપ્રિલ–મેં મહિના દરમિયાન અમારા સદર વીજ જોડાણ પેટે અમોને મોટી રકમ બાકી હોય તેવું અમોને જણાવેલ અને માર્ચ–૨૦૨૩ સુધીમાં તે રકમ મળીને કુલ રૂા.૪૯,૧૦૩/૦૦ જેટલી થાય છે. અમોને સદર રકમ બાબતે વાંરવાર નોટીસ પણ મળેલ પણ અમો નિયમિત બીલ ભરતા હોઈએ એટલે અમો તે બાબતે નિશ્ચિત હતા કે, અમારૂં કાંઈ બાકી ભરણું નંથી. વારંવાર નોટીસથી અને રૂબરૂ વસુલાત માટે અમારો સંપર્ક થતાં ગ્રામ્ય સ્તરે અમારી પ્રતિષ્ઠાને હાની પહોંચેલ છે, છતાં પણ અમોએ રૂબરૂ ઓફીસ પર જઈ જાણતા એવું જાણવા મળેલ કે, અમારૂં વીજ જોડાણ ૧૫ હો.પા.નું છે અને કમ્પ્યુટરમાં અમારા સ્થળ ફેરફારનું કામ કરતી વખતે અમારો જુનો લોડ આવી જતા અમોને સીસ્ટમ ભુલના કારણે ૫ હો.પા.નું બીલ મળતુ હતું. આમ, હવે અમારા બીલ માં ૧૫ હો.પા. થઈ ગયેલ છે અને અમોને જેટલા સમય માટે ૫ હો.પા.નું બીલ મળેલ તેટલા સમયના ગાળા માટે ૧૫ હો.પા. પ્રમાણે ખુટતી રકમ અમારા ખાતે ઓડીટ રીપોર્ટ પ્રમાણે ઉધારેલ અને અમારે કુલ રૂા.૪૯,૧૦૩/– ભરવાપાત્ર થાય છે.

૧.૪ એક ગ્રાહક અને પ્રતિષ્ઠિત નાગરીકની રૂએ, અમો સાચા હોઈએ, સદર રકમ રૂા.૪૯,૧૦૩/૦૦ અમોએ વાંધા અરજ સાથે બેંક ઓફ બરોડાના ચેક નં.૦૦૦૦૧૭/૩૦.૦૩.૨૦૨૩ થી અને પહોચ નં વીટી – ૨૯૫૮૬૬/૩૦.૦૩.૨૦૨૩ થી ભરપાઈ કરી આપેલ, પણ અમારૂં વીજ જોડાણ જોડાયેલુ ન હતું અમોને પાવર પણ મળતો ન હતો અને અમોએ રકમ ભરવાની થતાં અમોએ વાંધા સાથે ભરેલ, આ રકમ નીચેના કારણોસર અમોને પરત અપાવવા આપ સાહેબ ને વિનંતી સહ અરજ છે.

. અમોને જે બીલ આપવામાં આવેલ તે અમોએ નિયમિત ભરેલ છે.

. અમારા બીલમાં લોડ ફેરફાર થયેલ તેની અમોએ મૌખિક રજુઆત પણ કરેલ છે.

. અમારે સદર વીજ જોડાણ તદન પડતર હાલતમાં છે અને છેલ્લા ઘણા વર્ષોથી વપરાશમાં નથી.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

. અમારે ત્યા ઘણા વર્ષોથી માત્ર એલ.ટી. લાઈન બે પોલ ઉભેલા હતાં અને કોઈ વાયરીંગ કે જોડાણ આપેલ ન હતું. જેના ફોટો પણ આ સાથે સામેલ છે અને તે બાબતે પણ વારંવાર જાણ કરેલ છે.

. અમો માત્ર વીજ જોડાણ ટકાવી રાખવા બીલની રકમ ભરતા હતા.

. વાવાઝોડા બાદ તે જ જુના ઉભેલ પોલ પર અમારે ત્યાં કેબલ અને સર્વિસ આપી ઓકટોબર–૨૦૨૨ થી અમારે ત્યાં પાવર શરૂ કરેલ હતો.

૧.૫ આમ, અમારે ત્યાં વપરાશ પણ ન હતો અને કોઈ વાયરીંગ કે વીજ જોડાણ આપેલ ન હતું એટલકે અમોને અમારા વીજ જોડાણ પર વીજ પુરવઠો મળતો જ ન હતો. આમ, અમારી એક ન્યાયિક રજુઆત છે કે, જે સમય માટે અમને વીજ પુરવઠો જ મળેલ નથી તે સમય માટે અમારે વીજ બીલ શા માટે ભરવાપાત્ર થાય ? છતાં પણ આપના ન્યાયની અપેક્ષાએ અમોએ વાંધા સાથે રકમ ભરપાઈ કરી, એક સારા ગ્રાહક તરીકેની અમારી છબી રજુ કરી છે. આપનો, ન્યાય વીજ કંપનીની સારી છબી રજુ કરશે અને અમોએ વાંધા સાથે ભરેલ રકમ અને વીજ પુરવઠો મળેલ નથી તે સમય માટેની પુરી રકમ અમોને જમા અપાવશે તેવી અપેક્ષા સહ.....

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે, સરસીયા મુકામે શ્રી કાંતિભાઈ જેરામભાઈ કથીરિયા જેના ખેતીવાડી ગ્રા.નં–૮૮૧૫૮/૦૦૭૩૪/૧ થી એ–૧ ટેરીફ (ફ્લેટ રેટ) નું ૫ એચ.પી.નું તા.૦૬.૧૨.૧૯૭૯ થી કનેકશન ધરાવે છે. જેમાં ગ્રાહક શ્રી દ્વારા તા. ૩૦.૦૭.૨૦૧૪ ના રોજ રસીદ નં–વાય–૦૦૩૦૨૯૪ થી ૫.૦ એચ.પી.માંથી ૧૫ એચ.પી.સુધીનો લોડ વધારવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ. જેનો એસ.આર.નં–૬૧૨૫૧૧૬ છે. ત્યારબાદ, સદર લોડ વધારા માટેનું ભાવપત્રક તા.૦૪.૦૮.૨૦૧૪ જેના આઉટવર્ડ નં. ૩૫૦૬ થી ઈસ્યુ કર્યા બાદ ગ્રાહકશ્રી દ્વારા તા. ૦૪.૦૮.૨૦૧૪ ના રસીદ નં.વાય – ૦૦૩૦૫૩૬/૩૭ થી ભરપાઈ કરેલ છે. તેમજ ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ ફી તા.૦૪.૦૮.૨૦૧૪ રસીદ નં–વાય–૦૦૩૦૫૩૮ થી ભરપાઈ કરવામાં આવેલ, અને જેનું એલ.ટી. બીલીંગમા કનેકશનનો લોડ તા.૦૫.૦૮.૨૦૧૪ ના રોજ ૧૫ એચ.પી.નો અપડેટ થયેલ છ. જે તમામ દસ્તાવેજો ની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

૨.૨ ઉપરાંત સદર ગ્રાહકશ્રી દ્વારા આ કનેકશનમાં તા.૨૬.૦૮.૨૦૧૪ ના રોજ રસીદ નં વાય–૦૦૩૧૭૯૦ થી સદર કનેકશન સ્થળફેર માટે રજીસ્ટ્રેશન કરાવેલ જેનો એસ.આર.નં –૬૧૮૧૩૮૨ છે. ત્યારબાદ સદર સ્થળફેરની વિભાગીય કચેરીની મંજુરી તા.૨૪.૦૯.૨૦૧૪ ના રોજ આવેલ. ત્યારબાદ, સ્થળફેર માટેનું ભાવપત્રક તા. ૧૭.૧૦.૨૦૧૪ જેના આઉટવર્ડ નં. ૪૬૨૧ થી ઈસ્યુ કર્યા બાદ ગ્રાહકશ્રી દ્વારા તા.૩૧.૧૦.૨૦૧૪ ના રોજ રસીદ નં. વાય–૦૦૩૬૫૫૩/૫૪ અને વાય–૦૦૩૬૫૫૫ થી ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરેલ છે. જે ટેસ્ટ રીપોર્ટ ૧૫.૦ એચ.પી નો રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજો ની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.3 વધુમાં, ઉપરોક્ત જણાવ્યા મુજબ સ્થળફેર ની માંગણી સમયે ગ્રાહક દ્વારા રજુ કરેલ એ–૧ ફોર્મમાં લોડ ૫.૦ એચ.પી લખેલ, જેથી એસ.આર ક્રિએશન સમયે શરતચુક થી ૫.૦ એચ.પી નો લોડ સિસ્ટમમાં ઈન્સર્ટ થયેલ છે. જેના લીધે સદર સ્થળફેરની એસ.આર માર્ચ–૨૦૧૬ માં કલોઝ થતાં કનેકશનનો લોડ સિસ્ટમ એરર ના કારણે લેજરમાં ૫.૦ એચ.પી થયેલ. માટે સદર ગ્રાહકનું બીલીંગ ફેબ્રુઆરી–૨૦૧૬ સુધી ૧૫.૦ એચ. પી મુજબનું થયેલ અને માર્ચ–૨૦૧૬ થી સિસ્ટમ એરર ના કારણે ૫.૦ એચ.પી પ્રમાણે સપ્ટેમ્બર–૨૦૨૨ સુધી બીલીંગ થયેલ છે, જેનું પી.આર.ટી–૧૪૫(લેજર શીટ) તેમજ એસ.આર.નું સ્ટેટસની કોપી આ સાથે સામેલ રાખેલ છે.

ઉપરાંત, ડીસેમ્બર–૨૦૨૧ માં ઈન્ટરનલ ઓડીટ ટીમ દ્વારા એપ્રિલ – ૨૦૧૯ થી માર્ચ–૨૦૨૦ ના ઓડીટ દરમ્યાન ઉપરોક્ત કનેકશનમાં થયેલ લોડ તફાવતના કારણે બીલના તફાવતની રકમની રીકવરી ધ્યાને આવતા માર્ચ–૨૦૧૬ થી ડીસેમ્બર–૨૦૨૧ સુધીની રકમ રૂા. ૪૬,૮૦૭/૭૫ પ્રપોઝ કરવામાં આવેલ હતી, જે રકમ સદર ગ્રાહક ખાતે ડેબીટ કરવામાં આવેલ, જેની ગ્રાહકને વારંવાર નોટીસ પણ મોકલવામાં આવેલ અને ત્યારબાદ ગ્રાહકશ્રી દ્વારા તા. ૩૦.૦૩.૨૦૨૩ ના રોજ ચાલુ બીલ સહીત રકમ રૂા.૪૯,૧૦૩/૦૦ રશીદ નં. વી.ટી – ૨૯૫૮૬૬ થી વાંધા અરજી સાથે ભરપાઈ કરવામાં આવેલ હતી. જે તમામ દસ્તાવેજોની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

૨.૪ વધુમાં, નાયબ ઈજનેરશ્રી, પેટા વિભાગીય કચેરી, ધારી–૨, દ્વારા તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ સદર સ્થળ પર રૂબરૂ રોજકામ કરવામાં આવેલ છે, જે અન્વયે તેની નકલ તેમજ સ્થળ પરના ફોટો આ સાથે સામેલ રાખેલ છે. જે આપ સાહેબની જાણ તેમજ આગળની કાર્યવાહી અર્થે.

સદર ગ્રાહકશ્રી દ્વારા સંદર્ભ પત્ર મુજબ સી.જી.આર.એફ. સમક્ષ કરેલ રજુઆતમાં સદર ભરેલ રકમને નીચેના મુદાઓને ધ્યાનમાં લઈ જમા આપવા બાબતની રજુઆત કરેલ છે, જેના

મુદાવાર જવાબ નીચે મુજબ છે.

. ગ્રાહકને આપવામાં આવેલ બીલ ગ્રાહક દ્વારા નિયમિત ભરેલ છે.

. બીલમાં લોડ ફેરફાર થયેલ તેની ગ્રાહકશ્રી દ્વારા કોઈ લેખિત રજુઆત કે ફરિયાદ કરવામાં આવેલ નથી.

. સદર ગ્રાહકનું વીજ જોડાણ એ–૧ ટેરીફ (ફલેટરેટ) નું હોય બીલની રકમ ફીક્ષ હોય ટેરીફ શેડયુલ મુજબ ભરવાપાત્ર છે, ટેરીફ શેડયુલ આ સાથે રાખેલ છે.

ઉપરોક્ત બાબતે નાયબ ઈજનેરશ્રી, પેટા વિભાગીય કચેરી, ધારી–૨, દ્વારા તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ સદર સ્થળ પર કરવામાં આવેલ રૂબરૂ રોજકામ મુજબ ત્યાં લગાવવામાં આવેલ પોલ ઓગસ્ટ–૨૦૧૪ નો હોય અને હાલમાં ત્યાં જોડાણ ચાલુ હોય તેવું માલુમ પડેલ છે. ઉપરાંત, અત્રેની કચેરીના રેકોર્ડ તપાસતા કોઈ વાયરીંગ કે જોડાણ આપેલ ન હોય તેવી કોઈ લેખિત રજુઆત મળેલ નથી.

. સદર ગ્રાહકનું વીજ જોડાણ એ–૧ ટેરીફ (ફલેટરેટ) નું હોય બીલની રકમ ફીક્ષ હોય જેનો ટેરીફ શેડયુલ આ સાથે સામેલ રાખેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૨.૫ ઉપરોક્ત બાબતે નાયબ ઈજનેરશ્રી, પેટા વિભાગીય કચેરી, ધારી–૨, દ્વારા તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ સદર સ્થળ પર કરવામાં આવેલ રૂબરૂ રોજકામ આ સાથે સામેલ રાખેલ છે. આ બાબતે જણાવવાનું કે ધારી–૨ કચેરી નો રેકોર્ડ તપાસતા ૨૦૧૬ માં એજી–પીટી ની એસ.આર કલોઝ થયેલ છે. કોઈપણ એસ.આર કલોઝ કરતા પહેલા તેનું કામ પુર્ણ કરવામાં આવે છે ત્યારબાદ જ એસ.આર કલોઝ કરવામાં આવે છે આથી આ રજુઆત માની શકાય તેમ નથી. ગ્રાહકે ૧૫ એચ.પી નો ટેસ્ટ રીપોર્ટ રજુ કરેલ છે જેથી સ્થળ પર વાયરિંગ નથી તે બાબત પણ માન્ય રાખી શકાય નહિ.

સદર ગ્રાહકશ્રી દ્વારા સંદર્ભપત્ર મુજબ સી.જી.આર.એફ. સમક્ષ કરેલ રજુઆતમાં સદર ભરેલ રકમને જમા આપવા બાબતની રજુઆત કરેલ હોય ધારી–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા કરેલ કાર્યવાહી નો સંપુર્ણ રીપોર્ટ બિડાણ મુજબના જરૂરી આધારપુરાવા સામેલ રાખી આપ સાહેબને આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવે છે. જે આપ સાહેબની જાણ તેમજ આગળની કાર્યવાહી અર્થે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી કાન્તીભાઈ જેરામભાઈ કથીરીયા, ગામ સેરસીયા, તા. ધારી દ્વારા તેમના ખેતી વીજ કનેકશન નં. ૮૮૧૫૮/૦૦૭૩૪/૧ વીજ પુરવઠો ન મળવા છતાં વીજ બીલ વસુલવા બાબતે ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની અરજી નાં અનુસંધાને આવરોવ તા.૧૦.૦૮.૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવતાં બન્ને પક્ષકારોએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ બન્ને પક્ષકારોની રજુઆતને સાંભળતાં ફોરમને સ્પસ્ટતા માટે વધુ માહીતીની જરૂર જણાતા પ્રતિવાદી ને ખુટતી માહીતી મેળવી ફોરમને રીપોર્ટ કરવા જણાવવામાં આવેલ. જે અંગેનો અહેવાલ પ્રતિવાદી દ્વારા વિલંબ થી રજુ કરવામાં આવેલ છે.

3.૪ ઉપરોક્ત કિસ્સમાં ફોરમ દ્વારા નીચે મુજબના અવલોકનો કરવામાં આવેલ છે.

શ્રી કાન્તીભાઈ જેરામભાઈ કથીરીયાએ ગ્રાહક નં. ૮૮૧૫૮/૦૦૭૩૪/૧ વાળા હે.પા.ટેરીફ આધારીત ખેતીવાડી વિજ જોડાણના હયાત ૫ હે.પા.માં લોડ વધારો કરી ૫ +૧૦ = ૧૫ હો.પા.કરવા માટે ધારી– ૨ પે.વિ. કચેરી ખાતે તા.૩૦/૦૭/૨૦૧૪ ના રોજ અરજી કરેલ. જેના અનુસંધાને નિયત ભાવપત્રક ના નાણાં તા.૦૪/૦૮/૨૦૧૪ ના રોજ ભરપાઈ કરેલ અને તે જ દિવસે ૧૫ હે.પા ના ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ છે. લોડવધારાની ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તે જ મહિનામાં તા.૨૬/૦૮/૨૦૧૪ ના રોજ અરજદારે તેમનું આ વિજ જોડાણ સર્વે નંબશ્ર–૧૯૭ માંથી ૧૯૮ માં શીફટીગ કરવા માટે અરજી કરેલ હતી. જેમાં અરજીપત્રક (એ–વન ફોર્મ) માં હયાત વિજભાર ૧૫ દર્શાવેલ નથી. પરંતુ, ૫ દર્શાવેલ હતો. જે સ્થળફેર માટેનું ભાવપત્રક તા.૩૧/૧૦/૨૦૧૪ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતું.

અરજદારે શીફટીગની માંગણી વાળા ફોર્મમાં ૫ હોપા જણાવેલ. જ્યારે, ભાવપત્રક ભર્યા બાદ તે જ દિવસે ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ તેમાં ૧૫ હો.પા.દર્શાવેલ છે.

P.G.V.C.L. Bhavnagar

૩.૫ ઉપરોક્ત તમામ વિગતો તથા આધારભૂત પુરાવાઓ અને બિલીંગની માહિતી ને ધ્યાને લેતા નીચે મુજબનું તારણ છે.

ખેતીવાડી ગ્રા. નબંર ૮૮૧૫૮/૦૦૭૩૪/૧ માં તારીખ ૦૫.૦૮.૨૦૧૪ ના રોજ ૫ + ૧૦ = ૧૫ હો.પા. લોડ વધારો અપડેટ થયા બાદ તા. ૨૬.૦૮.૨૦૧૪ ના રોજ આ વીજ જોડાણ અન્ય સર્વે નંબર માં શિફ્ટ કરવા માટે અરજી ની નોંધણી થયેલ તેનું ભાવ પત્રક તા. ૩૧/૧૦/૨૦૧૪ ના રોજ ભરેલ અને તે જ દિવસે નવી જગ્યાનો ટેસ્ટ રીપોર્ટ પણ જરૂરી ફી સાથે રજુ કરેલ હતો.

નાગરિક અધિકાર પત્ર મુજબ વીજ જોડાણ શીફટીંગ માટેના અંદાજપત્રના નાણા ભરપાઈ કર્યા બાદ ૨૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની હતી. પરંતુ આ કિસ્સામાં ૨૦૧૪ ની સાલમાં પોલ ઉભા કર્યા બાદ વાયરીંગ કરેલ ન હતું, પરંતુ ગ્રાહકની વારંવાર ની રજૂઆત બાદ ઘણા વિલંબથી એટલે કે આઠ વર્ષ બાદ ઓક્ટોબર ૨૦૨૨ માં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

આમ, નવીન સ્થળે શીફટીંગની કાર્યવાહી થઈ ત્યાં સુધી ગ્રાહક દ્વારા વીજ પુરવઠો ઉપયોગ કરવામાં આવેલ નથી તેમજ પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત જૂની જગ્યાએ કે નવીન જગ્યાએ વીજ પુરવઠો ચાલુ હતો તે બાબતે પણ કોઈ ચકાસણી અહેવાલ રજુ કરી શકાયેલ નથી આમ ઓક્ટોબર ૨૦૧૪ થી ઓક્ટોબર ૨૦૨૨ સુધી ગ્રાહક વીજ પ્રવાહ થી વંચિત રહેલ છે તે સાબિત થાય છે.

આ કારણોસર ઓડીટ દરમિયાન જે રીકવરી કાઢેલ છે તે રદ કરવાને પાત્ર છે, આ વીજ જોડાણ એ વન કેટેગરીનું હોવાથી હો.પા. આધારિત વીજ દરો લાગુ પડે છે પરંતુ ઉપરોક્ત લાંબા સમય ગાળા દરમિયાન નવીન માંગણીવાળી જગાએ વીજ પ્રવાહ નહિ ચાલુ કરીને પીજીવીસીએલ દ્વારા અક્ષમ્ય બેદરકારી દાખવેલ છે જેથી તમામ ઓડીટ રીકવરી રદ કરવાની થાય છે.

ફોરમના ધ્યાને આવેલ છે કે લોડ વધારો ૫ + ૧૦ =૧૫ હો.પા. કર્યા બાદ બે વરસ સુધી એટલે કે તા. ૦૫.૦૮.૨૦૧૪ થી ૪.૦૮.૨૦૧૬ સુધી ૧૫ હો.પા. ના એ વન કેટેગરીના હો.પા. આધારિત વીજ બીલ ની રીકવરી કર્યા સિવાય વીજ જોડાણ શીફટીંગ થઈ શકે નહિ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આથી ઉપરોક્ત બે વર્ષની વીજ બીલ પેકીની રકમ જો વસુલેલ ન હોય અથવા કોઈ રીફંડ આપેલ હોઈ તે ચકાસીને રીકવરી કરવા પાત્ર છે આ સિવાય અન્ય કોઈ રકમ ભરવાપાત્ર થતી નથી. અરજદારે રૂ ૪૯,૧૦૩/- ભરેલ છે તેમાંથી ઉપર મુજબના બે વર્ષ ની ભરવાપાત્ર રકમ ની બાદબાકી કરીને અન્ય રકમ તેમના ખેતીવાડી જોડાણ ગ્રાહક નંબર ૮૮૧૫૮/૦૦૭૬૪/૧ ના લેજરમાં જમા આપવા પાત્ર થાય છે.

ઉપરોક્ત ચુકાદાનો દિન – ૧૦ માં અમલ કરીને ફોરમને દિન ૩૦ માં જાણકરવાની રહેશે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( જે.એ.ગોસાઈ )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૦/૦૮/૨૦૨૩**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar